।। सा विद्या या विमुक्तये ।।

# શારદ

વર્ષ ૧૩ ફેબ્રુઆરી-માર્ચ - ૧૯૯૩ અંક ૪

## વાલીઓને

### શાળા પ્રવેશ અંગે

શાળા પ્રવેશ અંગે સંસ્થાની નીતિ બહુ સ્પષ્ટ છે છતાં વર્ષોવર્ષ જે અનુભવો થાય છે તેથી ફરીથી એક વખત તે અંગે જણાવવું ઉચિત જણાય છે.

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના બાળકો તેમજ જે વિદ્યાર્થીઓ હાલ અભ્યાસ કરે છે, તેમના ભાઈબેનોને પ્રવેશમાં અગ્રતા આપવામાં આપવામાં આવે છે, પરંતુ તેઓને પ્રવેશ મળે જ એવું નિશ્ચિત નથી. આવેલા પ્રવેશપત્રોની સંખ્યા ઉપર તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીનો તેમજ જે વિદ્યાર્થીઓ હાલ અભ્યાસ કરે તેમનો શાળામાંનો રેકૉર્ડ વગેરે બાબતો ધ્યાનમાં લેવાય છે.

શાળા નવા વર્ગો ખોલતી નથી એથી બાલમંદિર સિવાય અન્ય સ્થળે પ્રવેશ આપવાની શક્યતા નહીવત્ છે. વચ્ચેના ધોરણોમાંથી શાળા છોડી જવાનું પણ ભાગ્યેજ બને છે તેથી આવા વચ્ચેના ધોરણો માટે પ્રવેશ આપવાનું શક્ય નથી. જવલ્લેજ ખાલી પડતી જગા ઉપર પણ સંજોગવશાત્ બાલમંદિરમાં પ્રવેશ આપી શકાયો ન હોય તેવાઓને જ પ્રથમ પસંદગી અપાય છે.

ડોનેશનથી પ્રવેશ ન જ આપવો એવી શાળાની સ્પષ્ટ નીતિ છે અને આવો પ્રયત્ન કરીને પ્રવેશ મેળવવા માર્ગો અપનાવતા જણાતા હોય છે તેમના પ્રવેશને ડીસ્ક્વોલીફાય કરવાની અમારી નીતિ રહી છે.

બાલમંદિરમાં પ્રવેશ માટે ઓગષ્ટથી જુલાઈ વચ્ચે જન્મેલા બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. ચોક્કસ તારીખો અંગેના પરિપત્રો બાળકોને આપવામાં આવે છે. આ અંગે દુઃખ સાથે જણાવવું પડે છે કે બાળકોની જન્મ તારીખ સાથે ચેડા કરીને પ્રવેશ મેળવવાનો પ્રયત્ન થાય છે. દર વર્ષે આવા ત્રણ ચાર કેસ અમારી પાસે આવે છે જેમાં આવું કરનાર સુશિક્ષિત અને ઉજળા વર્ગમાંથી આવનાર હોય છે. આ બાબત કેટલી ગંભીર છે તેનાથી તેઓ અજાણ હોય તેવું માની શકાય તેમ નથી. થોડા લાભ માટે આવું કરનાર સજ્જનોના બાળકોને કાયમ માટે આ શાળામાં પ્રવેશ ન આપવાથી વિશેષ અમે કાંઈ કરી શકીએ તેમ નથી.

છેલ્લે, બાલમંદિર પ્રવેશ સમયે અમે બાળકનો ઈન્ટરવ્યુ નથી લેતાં કારણ કે બે અઢી વર્ષના બાળકનો ઈન્ટરવ્યુ લેવો તે યોગ્ય નથી એમ અમે માનીએ છીએ; આમ છતાં વર્ષોવર્ષ અમને એવો અનુભવ થાય છે કે વાલી બાળકને ઈન્ટરવ્યુ આપવાની તૈયારી કરાવે છે. આવી પ્રવૃત્તિથી દૂર રહેવા મારી સૌ વાલીઓને નમ્ર વિનંતી છે.

દિનુભાઈના વંદન

## શિસ્તનો અતિઆગ્રહ - એક સમસ્યા

"બેન, મને ફોન કરી આપોને ! માથું ખૂબ દુ :ખે છે."

" તો પછી સ્કુલમાં કેમ આવ્યો ? તબીયત સારી ન હોય તો એક દિવસ આરામ કરવો જોઈએ ને !"

"પણ બેન, મમ્મીએ મને મોકલ્યો "

....ને એમ કહેતા જ અનુજ રડી પડયો.....

સ્કુલ શરૂ થયે માંડ કલાક પૂરો થયો હશે ને આવા બાળકોની અવરજવર શરૂ થઈ જાય છે.. કોઈને પેટમાં દુઃખતુ હોય, કોઈને માથું દુઃખતું હોય, કોઈને લાપોટિયું પણ થયું હોય તો કોઈને આંખ પણ આવી હોય અને છતાં ય માબાપનો આગ્રહ હોય જ કે સ્કુલમાં તો જવાનું જ....

"પછી ભણવાનું બગડેને ! સ્કુલમાં જઈશ એટલે બધું મટી જશે.."

"પણ મમ્મી..." બાળક તેની પરિસ્થિતિ સમજાવવાનો પ્રયત્ન કરે .. પણ ત્યાંતો ઉત્તર મળે... "તું અત્યારે જા ... ન સારું લાગે તો સ્કુલમાંથી ફોન કરજે હું લેવા આવીશ બસ !.." ને એ હૈયાધારણ લઈ બાળક નિશાળે આવે પણ તબીયત અસ્વસ્થ હોય કે માનસિક રીતે ઘેર જવાની જ પૂર્વતૈયારી હોય એ બાળક વર્ગમાં સ્વસ્થતાથી કઈ રીતે ભણી શકે ? ને એટલે આખરે તેનાં વાલીને તેને લઈ જવા ફોન કરવો પડે છે. ને ત્યારે ક્યાં તો ફોન લાગે નહીં ક્યાં તો વાલી ઘેર મળે જ નહીં... ને બાળક એકદમ નિઃસહાયતા અનુભવે છે, મૂંઝાય છે, અકળાય છે.. ક્યારેક રડવા લાગે છે. ક્યારેક ફોનથી સંદેશો પહોંચાડવા છતાં બેબે કલાક સુધી બાળક કાગને ડોળે વાલીની રાહ જોતું બેસી જ રહે છે, પણ વાલી લેવાજ ન આવી શકે...

"સ્કુલમાં ન આવે તો ભણવાનું બગડે" પણ તબીયત અસ્વસ્થ હોય તો ! સ્કુલનાં છ કલાકમાંથી જો માતા બે કલાક જ ભણાવવાની જવાબદારી સંભાળી લઈ એ બાળકને ચાર કલાક આરામ કરવા દે તો એ જરૂર જલદી સાજું થઈ શકે.. પણ એ જવાબદારી લેવાની તૈયાર ય કેળવવી જ પડે ને ! "પછી પરીક્ષાનું શુ ?.." સામાન્ય રીતે લેખિત પ્રશ્નપત્રો સિવાય બીજી મૌખિક પરીક્ષાઓ તો આવા અસાધારણ સંજોગોમાં આગળ પાછળ લેવાની વ્યવસ્થા કરી આપવામાં આવે છે, તો પછી બાળકને માથે આ માનસિક દબાણ લાદવાનો કોઈ અર્થ ખરો ! બાળકને આપણે શિસ્ત જરૂર શિખવીએ, તેનું ભણતર અને તેનું ઘડતર જરૂર કરીએ પણ સાથે સાથે 'તેય બાળક છે' એ કેમ ભૂલી જવાય ?...

ઊર્મિલા શાહ

જિંદગી, આ જિંદગી
વિટંબણાઓથી ભરેલી આ જિંદગી.
દુ:ખના વાવંટોળમાં
કિરણ માત્ર એક સુખની આશાનું
સંસાર સાગર દુ:ખનો
તેમાં સરકતી જિંદગી.

ચારે તરફ છે દુ:ખ અને
વિટંબણાનો પાર નથી
તન, મન અને ધનથી
હારી ગયેલ માનવી.
એવી છે આ જિંદગી.

જન્મથી મૃત્યુ થકી
સંસારની ઘટમાળમાં
સરકતી ચાલી જતી
એવી છે આ જિંદગી.

જિંદગી ? કેવી છે આ જિંદગી
આધિ વ્યાધિ અને ઉપાધિ
તેમાં જ સરકતી
આ જિંદગી.

- શેખર ત્રિવેદી
(૧૧ ક)

## ♥ શિશુમંદિરનું ગૌરવ - ચિ. શર્વિલ ટંકશાળી ♥

(૧) ઓલ ઇન્ડિયા ચાઈલ્ડ આર્ટ સ્પર્ધા ૧૯૯૨માં સર્વોચ્ચ ઇનામ "ચાઈલ્ડસ્ટાર ઇન પેઈન્ટીંગ"

(૨) હૈદરાબાદની ચાઈલ્ડ આર્ટસ કલબ ૧૯૯૨ આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં રજતચંદ્રક અને દ્વિતીય ઇનામ.

(૩) જવાહરલાલ નેહરુ જયંતી નિમિત્તે ગુજરાત રાજ્ય જીલ્લા રમત ગમત પરિષદ આયોજીત ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ઇનામ.

(૪) હિંદ છોડો ચળવળ, સુવર્ણજયંતી તથા મૌલાના આઝાદ જન્મદિવસ ઉજવણી નિમિત્તે નેશનલ એજ્યુકેશન ટ્રસ્ટ આયોજીત ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ઇનામ.

(૫) સેન્ટર ઓફ ઇન્ડિયન કલ્ચર પાલનપુર આયોજીત ચિત્ર સ્પર્ધામાં રસિકલાલ પરીખ એવોર્ડ.

(૬) SHANKHA વેસ્ટ બેંગાલ આયોજીત ઓલ ઇન્ડિયા ચિલ્ડ્રન્સ આર્ટસ્ કોમ્પીટીશનમાં રૌપ્યચંદ્રક.

(૭) જવાહર બાલભવન ગુજરાત આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ઇનામ.

ચિ શર્વિલને ખૂબ ધન્યવાદ, કલાકાર તરીકે તેની દિન પ્રતિદિન પ્રગતિ થતીજ રહે તેવા શુભાશિષ.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૨૪-૧૨-૯૨નાં રોજ નાતાલનો ઉત્સવ ઉજવવામાં આવ્યો, તાલીમનાં શાંભવે સાન્ટાક્લોઝની ભૂમિકા બજવી સૌ બાળકોને ભેટ આપી આનંદિત કરી દીધાં. તા. ૩૧મીએ તાલીમ વિભાગનાં બેને ક્રીસમસ ટ્રી શણગારી નાતાલનાં ગીતો ને નૃત્યથી આખાય વાતાવરણને આનંદથી હર્યું ભર્યું બનાવી દીધું.

તા. ૨-૨-૯૩નાં રોજ તાલીમનાં બાળકો માટે ચિત્રસ્પર્ધા યોજાઈ. બાળકોએ તેમની આસપાસની દુનિયાને રંગ અને રેખામાં સુંદર રીતે અભિવ્યક્ત કરી.

તા. ૨૦-૨-૯૩નાં રોજ વેષભૂષા સ્પર્ધા તાલીમનાં બાળકો માટે યોજાઈ. બાળકોએ વિવિધ વેશભૂષામાં સજ્જ થઈ વિવિધ પાત્રોની ભૂમિકા ખૂબ પ્રસંશનીય રીતે ભજવી. તેમની આસપાસનાં પાત્રોનું નિરીક્ષણ અને તેનું અનુકરણ દાદ માગી લે તેવું હતું.

તા. ૨૨-૨-૯૩નાં રોજ તાલીમનાં બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજાઈ, બાળકોએ સુંદર અક્ષરોમાં લેખનકાર્ય કર્યું.

મોટાં અને નાનાં બાલમંદિરના તથા તાલીમનાં બાળકોએ જાન્યુઆરી માસમાં મીની ઝૂની મુલાકાત લઈ ખૂબ મજા માણી.

તા. ૨૪-૩-૯૩ નાં રોજ ગૂડીપડવા નિમિત્તે બાળકોને લીમડાનો રસ પાઇ 'મોંને કડવુ લાગે પણ પેટને મીઠું' એ પાઠ શીખવવામાં આવ્યો.

સ્ટર્લિંગ કલબમાં યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં નીચેનાં બે બાળકોને ઇનામો મેળવવા બદલ અભિનંદન (૧) મૌલિક વ્યાસ, (૨) પરિતા દેસાઈ.

## શિશુમંદિર

ઉત્સવો :

તા. ૩૦-૧-૯૩ નાં રોજ શહીદદિન નિમિત્તે પ્રાર્થના સભામાં બે મિનિટ મૌન રાખી પ્રાર્થના તેમ જ ભજનનો કાર્યક્રમ યોજી રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

તા. ૧૨-૨-૯૩ નાં રોજ 'સ્વયં શિક્ષક દિન' ઉજવવામાં આવ્યો જેમાં વિદ્યાર્થીઓએ જાતે જ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય કર્યું, ને ખૂબ ઉત્સાહથી ભાગ લઈ આત્મવિશ્વાસ કેળવ્યો.

તા. ૧૭-૨-૯૩ નાં રોજ શિવરાત્રીના પર્વ નિમિત્તે પ્રાર્થના તેમજ ભજનનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ.

તા. ૬-૩-૯૩ નાં રોજ વિદ્યાર્થી ભાઈ બહેનોએ હોળી ધૂળેટી નિમિત્તે 'રંગોત્સવ' માણ્યો. પ્રાર્થનાખંડમાં ભકત પ્રહલાદના જીવન પર આધારિત નૃત્યો, નાટક તેમજ હોળીના ગીતો રજૂ કર્યા ને ત્યારબાદ અબીલ ગુલાલથી રંગનો ઉત્સવ માણ્યો.

**પ્રવાસ :** ૧૮-૨-૯૩ થી ૨૧-૨-૯૩ દરમ્યાન ઓખા બેટ શિબિર વર્લ્ડ વાઈડ લાઈફના સહકારથી યોજવામાં આવ્યો, જેમાં ૫૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને દરિયાની સૃષ્ટિની માહિતી મેળવી.

**રમતોત્સવ :** તા. ૧૬-૨-૯૩ નાં રોજ ધો. ૧ થી ૪ નો રમતોત્સવ યોજાયો તા. ૧૫-૨-૯૩ નાં રોજ ધો. ૫ થી ૭ નો રમતોત્સવ યોજાયો જેમાં સાંઘિક તેમજ વ્યક્તિગત રમતોનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીભાઈ બહેનોએ એમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. વિજેતા ભાઈ બહેનોને અભિનંદન.

**આંતરગૃહ સ્પર્ધા :**

**ઓરેગમી સ્પર્ધા :- ૧૩-૨-૯૩**

પ્રથમ - વિવેક દવે (૭ક), ધવલગરિ
દ્વિતીય - રીપલ લાખાણી (૭બ), ધવલગિરિ
તૃતીય - સિદ્ધાર્થ ભટ્ટ (૭બ), ગંગોત્રી

**ભરતકામ સ્પર્ધા :- ૧૬-૨-૯૩**

પ્રથમ - નિધિ શાહ (૭અ), ગંગોત્રી
દ્વિતીય - કૃપા પટેલ (૭બ), રત્નદીપ
તૃતીય - અમી પાઠક (૬બ), મેઘનાદ
બીજલ શાહ (૭ક), મેઘનાદ

**છાપકામ સ્પર્ધા :- ૨૦-૨-૯૩**

પ્રથમ - ભૂમિકા શાહ (૭ક), ધવલગિરિ
દ્વિતીય - સિદ્ધાર્થ ભટ્ટ (૭બ), ગંગોત્રી
તૃતીય - ચિંતન પટેલ (૭બ), મેઘનાદ

**કેરમ સ્પર્ધા :- ૨૬-૨-૯૩**

પ્રથમ - વિવેક દવે (૭ક), ધવલગિરિ
દ્વિતીય - ધવલ ભટ્ટ (૬અ), રત્નદીપ
તૃતીય - નિલય ભગત (૭અ), ગંગોત્રી
નમ્રતા શાહ (૭ક), રત્નદીપ

**ચેસ સ્પર્ધા :- ૧-૩-૯૩**

પ્રથમ - નીલ મહેતા (૭અ), ધવલગિરિ
દ્વિતીય - નિલય આઝા (૭અ), રત્નદીપ
તૃતીય - જૈનીષ દલાલ (૭ક), રત્નદીપ

**અભિનંદન :**

**ચિત્રકલા :** યુનીસેફ તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં નીચેના વિદ્યાર્થીઓને ઇનામ મેળવવા બદલ અભિનંદન.

અર્પી શાહ (૭બ) દેવાંગી મુનશી (૨બ)
રાજીક ઝવેરી (૫બ) અન્વી શાહ (૬ક)
રૂચિ સોંપારકર (૭બ) કૌશલ સોંપારકર (૪અ)
સપન મહેતા (૫અ) બીજીલ મહેતા (૫અ)
માનસી નવાબ (૫અ) અદિતી શાહ (૬બ)
પંક્તિ સોમાણી (૬ક) પ્રાંજલ ચોકસી (૭અ)

હૈદ્રાબાદ ખાતે યોજાયેલ અંકલ બાબજી ૨૭મી ચિત્ર સ્પર્ધામાં સ્ટેટ એવોર્ડ મેળવવા બદલ **મનન ગોસલિયા** (૪બ)ને અભિનંદન.

શંકર્સ ઈન્ટરનેશનલ ચિત્ર સ્પર્ધામાં **ચિં. કુંતલ પરીખ** (૩અ) અને **ચિ. કુશલ પરીખ** (૧અ)ને રૌપ્યચંદ્રક તથા પ્રમાણપત્ર મેળવવા બદલ અભિનંદન.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ઈનામ મેળવવા બદલ **હરીની દેસાઈ**ને અભિનંદન.

મૌલાના આઝાદ સ્મરણોત્સવ સમિતિ (ગુજરાત) નેશનલ એજ્યુકેશન ટ્રસ્ટ આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં ઈનામ મેળવવા બદલ **અર્પી શાહ** (૭બ) તથા **શર્વિલ ટંકશાળી** (૨ક) ને અભિનંદન.

જલતરંગ કલબ આયોજીત ચિત્ર સ્પર્ધામાં બીજુ ઈનામ પ્રાપ્ત કરવા બદલ **હરીની દેસાઈ** તથા **શર્વિલ ટંકશાળી** ને પ્રથમ ઈનામ મેળવવા બદલ અભિનંદન.

સ્ટર્લીંગ કલબ આયોજીત ચિત્ર સ્પર્ધામાં **કુંતલ પરીખ** (૩ક) ત્રીજું ઈનામ, **મોનીલ દલાલ** (૩બ), **સોનમ શાહ** (૨ક), **રિધ્ધી શાહ** (૬અ), **પ્રતીક શાહ** (૧ક), **કાનન વૈદ્ય** (૪બ), **રાજવી શાહ** (૩ક), **માનસી પારેખ** (૨અ), **આનલ શાહ** (૨અ), **શર્વિલ ટંકશાળી** (૨ક), **શેમોલિ મહેતા** (૨અ), **જીનલ મહેતા** (૧ક), **નિધિ શુકલ** (૨અ) ને ઈનામ મેળવવા બદલ અભિનંદન.

સેન્ટર ઓફ ઈન્ડિયન કલ્ચર (પાલનપુર) આયોજીત દ્વિતીય બાલ ચિત્ર સ્પર્ધામાં **ચિ. શર્વિલ ટંકશાળી** (૨ક) ને રસિકલાલ પરીખ એવોર્ડ મળ્યો છે. **કુંતલ પરીખ** (૩અ) ને **રૌપ્યચંદ્રક ક્રિષ્ના શાહ** (૧બ) અને **પ્રાકૃત પટેલ** (૧ક) ને તામ્રચંદ્રક અને **દેવાંગી મુનશી** (૨બ) તથા **મિહિર શાહ** (૪ક) ને પ્રથમ વિભાગમાં ઈનામ મળેલ છે.

બીજા વિભાગમાં **અદિતી શાહ** (૬બ) રૌપ્ય ચંદ્રક, **ચાર્મી પટેલ** (૫બ) **પ્રિયાંગી મુનશી** (૬ક), **માનસી નવાબ** (૫બ) **પાયલ નાણાવટી** (૬ક) અને **અર્પી શાહ** (૭બ) ને ઈનામ મળ્યાં છે. સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

**કરાટે :** ફીસ્ટ ઈન્ડિયા '૯૨' ત્રીજી ઓલ ઈન્ડિયા માર્શલ આર્ટસ્ ફૂલ કોન્ટેક્ટ ટુર્નામેન્ટમાં કાર્તિક જેટલી (ધો. ૨) ને સુવર્ણચંદ્રક તથા બીજી નેશનલ ટે ક્વોન ડો હરીફાઈ (દિલ્હી)માં રજતચંદ્રક મેળવવા બદલ અભિનંદન.મહેસાણામાં પણ તેમણે બેસ્ટ ફાઈટરનો તામ્ર ચંદ્રક મેળવ્યો છે.

ટેકવેન્ડો ગુજરાત ત્રીજી ચેમ્પીયનશીપમાં સતત ત્રીજીવાર સુવર્ણચંદ્રક મેળવવા બદલ હર્ષ અમીન (૫ અ) ને અભિનંદન.

એલીસબ્રીજ જીમખાના યોજીત ટેબલ ટેનીસ સીંગલ્સમાં બીજી આવી ચંદ્રક મેળવવા બદલ હેમાંગ નાગોરી (૫ ક) ને અભિનંદન.

અમદાવાદ મેડિકલ એસોસિયેશન યોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં રાજીતા મુનશી (ધો. ૩), પ્રિયાંગી મુનશી (ધો. ૬) રૌપ્ય ચંદ્રક મેળવે છે. શર્વિલ ટંકશાળી (ધો. ૨), દેવાંગી મુનશી (ધો. ૨), પ્રતિક શાહ (ધો. ૧) ઇનામ મેળવે છે તથા શિમોલી મહેતા (ધો. ૩), માનશી નાગોરી (ધો. ૩), પાયલ નાણાવટી (ધો. ૬), હરિની દેસાઈ (ધો. ૭), અર્પી શાહ (ધો. ૭) મેરીટ સર્ટીફીકેટ મેળવે છે. તે માટે સૌને અભિનંદન.

# વિનયમંદિર

## આંતરગૃહ સ્પર્ધા

**નિબંધ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | ચિન્મુપિણી દવે (૯અ), મેઘદૂત |
| દ્વિતીય | - | રૂપા વ્યાસ (૯ક), ગીતગોવિંદ |
| તૃતીય | - | અનુજ શાહ (૮ક), પદ્મપુકુર |

**સુલેખન સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | બીજલ મુનિમ (૯બ), ચંદ્રમૌલિ |
| દ્વિતીય | - | નિગમ શાહ (૯ક), મેઘદૂત |
| તૃતીય | - | ભૈરવી પાલખીવાલા (૯બ), ચંદ્રમૌલિ |

**વકતૃત્વ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | નેહલ શાહ (૮અ), ચંદ્રમૌલિ |
| દ્વિતીય | - | કોશાની સુતરીયા (૯ક), ગીતગોવિંદ |
| " | - | ચિન્મુપિણી દવે (૯અ), મેઘદૂત |
| " | - | દેવલ સોપારકર (૯ક), ચંદ્રમૌલિ |

**ચિત્ર સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | દેવલ સોપારકર (૯ક), ચંદ્રમૌલિ |
| " | - | પ્રિયાંક ઠાકરશી (૯ક), ચંદ્રમૌલિ |
| દ્વિતીય | - | મિલોની ફોજદાર (૯અ), ચંદ્રમૌલિ |
| " | - | દર્શિલ શાહ (૮ક), પદ્મપુકુર |
| " | - | પલક તેલી (૯ક), ગીતગોવિંદ |
| " | - | પરાગી દોશી (૯અ), મેઘદૂત |

તા. ૧૧-૨-૯૩ ને ગુરુવારનાં રોજ 'સ્વયંશિક્ષક દિન'નું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૩-૨-૯૩ ને શનિવારનાં રોજ આંતરગૃહ રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિવિધ સ્પર્ધાઓમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈબહેનોએ ઉત્સાહપૂર્વક અને ખેલદિલીપૂર્વક રમતનો આનંદ માણ્યો. આમાં કેટલીક સાંઘિક અને કેટલીક વ્યક્તિગત રમતોનું આયોજન કરવામાં આવ્યું

## અભિનંદન

(૧) ગુજરાત રાજ્ય લલિતકલા એકાદમ તરફથી ચિત્ર સ્પર્ધામાં ઇનામ મેળવવા બદલ કુ. પરાગી દોશી (૯અ) ને અભિનંદન.

(૨) યુનિસેફ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ઇનામ મેળવવા બદલ દેવલ સોપારકર (ધો. ૯) ને અભિનંદન.

(૩) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવાયેલી પ્રખરતા શોધ પરીક્ષામાં ચિ. આશિષ અતુલભાઈ વ્યાસ (ધો. ૧૦) ને ગણિતમાં રાજ્યકક્ષાએ ચોથું અને જીલ્લા કક્ષાએ બીજું તથા અંગ્રેજીમાં જીલ્લાકક્ષાએ ચોથું ઇનામ મેળવવા બદલ અભિનંદન.

તા ૨-૩-૯૩ નાં રોજ ધો. ૧૧ નો રમતોત્સવ યોજવામાં આવ્યો.

## શાળાનું ગૌરવ

ગાંધીનગર ખાતે મળેલ ઑલ ઇન્ડિયા ડેન્ટલ કોન્ફરન્સમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને અમદાવાદનાં જાણીતા ડો. નૈલેશ ગાંધીને ઓલ ઇન્ડિયા ડેન્ટલ એસોસીએશનના ૧૯૯૩-૯૪ નાં વર્ષ માટે પ્રમુખપદ માટે બીનહરીફ સર્વાનુમતે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. એસોસીએશનના ૪૮ વર્ષના ઇતિહાસમાં આ હોદ્દો મેળવનાર ગુજરાતમાંથી તેઓ સૌ પ્રથમ છે.

બાળકને યોગ્ય સ્થાન આપીએ તો પૃથ્વી ઉપર સ્વર્ગનું સામ્રાજ્ય સ્થપાય. ઘરમાં દેવો રમવા આવે. દેવોને મૃત્યુલોકમાં અવતરવું પડે.

સ્વર્ગ બાળકના સુખમાં છે.
સ્વર્ગ બાળકની તંદુરસ્તીમાં છે.
સ્વર્ગ બાળકની નિર્દોષ મસ્તીમાં છે.
સ્વર્ગ બાળકના ભોળા ગાન-ગુલતાનમાં છે.

- ગિજુભાઈ

## શ્રદ્ધાંજલી

ધો. - ૧૧માં અભ્યાસ કરતાં ભાઇ વિરલ કાપડિયાના અકાળ અવસાનનાં સમાચારથી અમે સૌએ ભારે દુઃખની લાગણી અનુભવી છે. ઇશ્વર સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ ૩૮૦ ૦૦૭.
ટાઇપ સેટીંગ : આકાશ ગ્રાફિક્સ, ૧૮ પલ્લવી ટાવર-૧, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯. ફોન : ૪૬૪૮૧૬
મુદ્રણ સ્થળ : મારુતિ પ્રિન્ટર્સ, તાવડીપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૪. ફોન : ૩૧૨૩૧૨, ૩૪૫૫૫૯